# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 29-12-2024** **Midday : 2.30 to 2.35**

**Day : Sunday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **હર્ષ લેઉઆ** વાંચે છે.

---

----------------------------------------------------------------------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

# PM MAN KI BAAT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ જણાવ્યું છે કે, બંધારણ રાષ્ટ્રનું પથદર્શક છે અને એ અત્યંત સન્માનની વાત છે કે આવતા વર્ષે 26 જાન્યુઆરીએ ભારતીય બંધારણ 75 વર્ષ પૂર્ણ કરી રહ્યું છે.

આકાશવાણી પર મન કી બાત કાર્યક્રમમાં રાષ્ટ્રને સંબોધન કરતા શ્રી મોદીએ જણાવ્યું કે, બંધારણ સમયની તમામ કસોટીમાંથી ખરું ઉતર્યું છે. તેમણે જણાવ્યું કે, આ વર્ષે બંધારણ દિવસે અનેક પ્રવૃત્તિઓ શરૂ થઈ છે જે સમગ્ર વર્ષ દરમિયાન ચાલુ રહેશે.

મન કી બાતની 117મી આવૃત્તિમાં પ્રધાનમંત્રીએ આરોગ્ય ક્ષેત્રે ભારતની બે મોટી સિધ્ધિનો ઉલ્લેખ કર્યો હતો. તેમણે જણાવ્યું કે, વિશ્વ આરોગ્ય સંસ્થાનો અહેવાલ જણાવે છે કે, ભારતમાં 2015થી 2023 દરમિયાન મેલેરિયાના કેસોમાં 80 ટકાનો ઘટાડો થયો છે.

પ્રધાનમંત્રીએ કહ્યું કે, આ શિયાળાની ઋતુમાં, દેશભરમાં રમતગમત અને ફિટનેસ સંબંધિત ઘણી પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવી રહ્યું છે.

**(બાઇટ- પ્રધાનમંત્રી- સન્ડે ઓન સાયકલ)**

અંતમાં શ્રી મોદીએ દેશવાસીઓને નવા વર્ષની શુભેચ્છા આપતા વિશ્વાસ વ્યક્ત કર્યો હતો કે, ભારત આગામી વર્ષમાં નવી ઊંચાઈઓ પ્રાપ્ત કરશે.

# BHRUCH GAS TREGEDY

ભરૂચ જીલ્લાના દહેજમાં આવેલી જીએફએલ કંપનીમાં ગેસ ગળતરને કારણે આગ લાગતાં ત્રણ કામદારો અને એક કર્મચારીનું મોત

થયું છે. શનિવાર મોડીરાત્રે આ કંપનીના સીએમએસ પ્લાન્ટમાં આ દુર્ઘટના ઘટી હતી.. અસરગ્રસ્ત કામદારોને તાત્કાલિક ખાનગી હોસ્પિટલમાં સારવાર માટે લઇ જવાયા હતા. આ ચારેય કામદારોના સારવાર દરમિયાન મોત થયા હતા.

ઘટનાની જાણ થતા જ પોલીસ કાફલો ઘટના સ્થળે ધસી ગયો હતો. ચારેય મૃતક કામદારોના મૃતદેહ સિવિલ હોસ્પિટલમાં લઇ જવાયા હતા, જ્યાં તેમના મૃતદેહનું પોસ્ટમોર્ટમ કરાયું હતું. મૃતકોના પરિજનોને કંપનીએ વળતર પેટે 25 લાખ રૂપિયા આપવાનો નિર્ણય કર્યો હોવાની માહિતી કંપનીના એચ. આર. વિભાગના એ.જી.એમ. જીજ્ઞેશ પરમારે આપી હતી.

**(બાઇટ- જીજ્ઞેશ પરમાર, એચઆર, એજીએમ, જીએફએલ કંપની)**

# Kutch earthquake

શિયાળામાં ઠંડીના માહોલ વચ્ચે કચ્છની ધરા ફરી એક ભૂકંપના આંચકાથી ધ્રુજી ઉઠી હતી. આજે સવારે દસ વાગીને પાંચ મિનિટે આ આંચકો નોંધાયો હતો. પૂર્વ કચ્છના ભચાઉ વિસ્તાર પાસે 3.2ની તીવ્રતાનો ભૂકંપનો આંચકો આવ્યો હતો. ભૂકંપના આંચકાનું કેન્દ્રબિંદુ ભચાઉથી 18 કિલોમીટર દૂર નોંધાયું હતું. જો કે, આ આંચકાને કારણે કોઇ જાનહાની કે નુકસાનના અહેવાલ સાંપડ્યા નથી..

# BAR COUNCIL

ગુજરાત બાર કાઉન્સિલે 30 ડિસેમ્બરનો નવા વકીલોનો શપથ ગ્રહણનો કાર્યક્રમ રદ્દ કરવાનો નિર્ણય કર્યો છે.. કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ અને મુખ્યમંત્રી તેમજ ગુજરાત હાઇકોર્ટના ન્યાયાધીશોની ઉપસ્થિતિમાં આ શપથગ્રહણ કાર્યક્રમ યોજવામાં આવનાર હતો..

પૂર્વ પ્રધાનમંત્રી મનમોહનસિંહના નિધનને કારણે જાહેર થયેલા રાષ્ટ્રીય શોકને કારણે આ કાર્યક્રમ મોકૂફ રાખવામાં આવ્યો હોવાની જાહેરાત બાર કાઉન્સિલ ઓફ ગુજરાતના પ્રમુખ જે.જે. પટેલે કરી હતી. તેમણે ઉમેર્યું હતું કે, નવ હજાર જેટલા વકિલોનો આ શપથગ્રહણ કાર્યક્રમ હાલ પુરતો મુલતવી રાખવામાં આવ્યો છે.

**(બાઇટ- જે.જે. પટેલ, પ્રમુખ, બાર કાઉન્સિલ ઓફ ગુજરાત)**

# MEHSANA- NCC CADET

**મહેસાણા સ્થિત** કડી સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત એસ. વી. ઇન્સ્ટિટ્યુટ ઓફ મેજમેન્ટ કોલેજનો વિદ્યાર્થી તક્ષીલ ઠાકર દિલ્હીની પ્રજાસત્તાક દિનની પરેડમાં પસંદગી પામ્યો છે. તક્ષીલ ઠાકર પ્રજાસત્તાક દિનની પરેડમાં આગામી 26મી જાન્યુઆરી 2025 માટે પસંદગી પામ્યો છે. તક્ષીલ ઠાકર દિલ્હીના કર્તવ્ય પથ પર પ્રજાસત્તાક દિનની પરેડમાં સલામી સાથે માર્ચ કરશે અને 26 મી જાન્યુઆરીએ પ્રધાનમંત્રીની સમક્ષ સલામી આપશે.